# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૪ • તા.૨૨ એપ્રિલ થી ૨૮ એપ્રિલ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# જ્ઞાતિજનોની વધતી જતી આશાઓ અને જરૂરતને પુરુ કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના

DON'T

# Compromise!




Portability Benefits Available



**COMPARE, SCRUTINIZE & DECIDE**

Karani

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ

જે પરિવારમાં આપણું અવતરણ થયું છે ત્યાંથી કુદરતે આપણને સ્થાનના, જ્ઞાતિના હક્ક આપ્યાં અને ફરજ પણ. આપણો હક છે આપણા માતાપિતાનો લાડનો લ્હાવો લેવું. ભાઈ-બહેનોના પ્રેમ હેતને સાથ, મિત્રોની સાથે મનભરી મોજ માણવાનો હક એ બધું જાણે ઈશ્વર દત આર્શિવાદ છે. કોઈ ચિંતા કે ફિકર વિના, કે અન્ય કોઈ ઔપચારિકતાની જરૂરિયાત વિના આ હક્કનો વૈભવ આપણે જીવનભર ભોગવતા રહીએ છીએ. હક્ક એટલે બીજા અર્થમાં અધિકાર. જે આપણું છે, આપણને મળવા પાત્ર છે. આ અધિકારનું જતન દેશનું બંધારણ પણ કરે છે. સબળ સશક્ત નબળા વર્ગને કચડી ન નાખે, અશક્ત પર કોઈ છવાઈ ન જાય એટલે સમાજના જતન માટે કાયદોને ન્યાયની સુચારૂ વ્યવસ્થા કરી છે.

હક્કના વિરૂદ્ધ બાજુ એટલે ફરજ. આ એક સિક્કાની બે બાજુ છે. જેટલી મજબૂતીથી હક્કની માંગ કરીએ છીએ એટલા અધિકારપૂર્વક ફરજ પણ નિભાવવાની જરૂર હોય છે તેમાં ચૂક થવી ન જોઈએ. હક્ક અધિકાર પૂર્વક માંગી ફરજ માટે આનાકાની કરનાર, ફરજ અદા કરવા ગલ્લાં તલ્લાં કરનાર વ્યક્તિની નિયત સાફ નથી હોતી. ગમતું મળ્યાં જ કરે એવી ઈચ્છા દરેકની હોય છે. પણ વાસ્તવિકતા જોવી જોઈએ અને એ હિસાબે વ્યવહારની રૂઢિ અપનાવવી જોઈએ. ઘર કે કુટુંબમાં કે વ્યવસાય કે વ્યાપારમાં બધા સંબંધો હક્કની મર્યાદાની સીમા રેખાથી બંધિત છે. દરેકે એ સમજવું જરૂરી છે કે જ્યારે કોઈના હક્ક પર અન્યાયી રીતે આપણે બેફિઝુલ તરાપ મારીએ છીએ ત્યારે સંબંધોની બાજી બગડવાની શરૂઆત થાય છે.

અણગમતી પદ્ધતિ આચરી કોઈના હક્ક પર કબજો કરવાની વૃત્તિ માનવીય સંસ્કારને લાગતો લૂણો છે. અન્યાયી પદ્ધતિ અપનાવી કોઈના હક્કને ડૂબાડવું એ અમાનવીય વ્યવહાર છે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરી કોઈનો હક્કને ડૂબે નહીં એ પ્રત્યે જાગૃતતા રાખવી જોઈએ. મારૂ એકલાનું અને તારૂં મારૂં સહિયારૂં એવી વૃતિ કોઈ પણ સંબંધને કાલિમા લગાવે છે.

હક્કને માંગતા પહેલાં આપણી ફરજ ભૂલવી ન જોઈએ. કારણ કે ફરજ પરથી આપણને એક દિવસે શિખરે બેસાડે છે. કારણ કે હક્ક માંગવું એ સ્વાર્થ છે જ્યારે ફરજ પ્રત્યે સમર્પિત થવું એ સ્વાર્પણ છે. હક્કની માંગ એકનું કલ્યાણ થશે પણ ફરજ અદા કરવાથી અનેકનું ઉત્કર્ષ થશે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરીને પોતાનું જ માત્ર સ્વાર્થ જોવું એ અન્યના હક્ક પરની તરાપ છે એ ભૂલવું ન જોઈએ. આપણું જીવન કર્મ મય છે. સતત કંઈને કંઈ કરતા જ રહેવાથી શુભ હેતુને લીધે સર્જનાત્મક પ્રવૃત્તિ સર્જાય છે. નહિં તો ખંડનાત્મક પ્રવૃત્તિઓ જન્મે છે. હક્ક અને ફરજના અધિકાર જાણવા પણ જોઈએ અને માણવા પણ જોઈએ. હક્ક પ્રત્યે જાગૃતિ રાખવી અને ફરજ માટે તત્પરતા ધરાવવી પ્રત્યેકનું કર્તવ્ય છે.

– જ્ઞાતિમૈયા

# સુખ મેળવવાની દોટ

જીવન જીવતાં એક વાત સમજી લેવી જરૂરી છે કે એકલું સુખ જીવનમાં શક્ય નથી અને સતત સુખ મળે એમાં મજા પણ નથી. અત્યંત તરસ લાગી હોય ત્યારે પાણી પીવાની મજા આવે છે. વગર તરસથી પાણી પીવાથી તૃપ્તિ કે આનંદ મળતો નથી. સંતોષ થતો નથી. કડકડતી ભૂખ લાગે ત્યારે ભોજન મધુર અને સ્વાદિષ્ટ લાગે છે. ભૂખ લાગે ત્યારે ભાખરી મીઠી લાગે છે. પછી ભલે એ સુકી કોરી હોય કે લૂખી હોય જિંદગીમાં જે સમપ્રમાણ મળે છે તેનો આનંદ અનોખો છે. સુખનો સમયગાળો જલદીથી સમાપ્ત થઈ જાય છે અને દુ:ખનો ગાળો લાંબો ખેંચાય છે. એવી અનુભૂતિ થાય છે. આ આપણા મનનું પરિણામ છે. સુખને લીધે આનંદનો ભાવ થાય છે અને દુ:ખને કારણે વિષાદ સર્જાય છે. જો બંન્ને માટે અંતર ધરાવીએ કોઈનો પણ પરિતાપ સહન કરવો પડે નહીં.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સુખના કાળમાં આપણે તેનો લગાવ રાખશું નહીં તો તે સમય વીતી ગયા પછી પણ વિષાદ નહીં થાય તેવી જ રીતે દુ:ખના ભાવમાં તેનો લગાવ રાખશું તો રંજ હી રંજ સર્જાશે. સુખ અને દુ:ખમાં મધ્યમાં રહેવું હિતકારી બની રહેશે. બંન્નેને સમાન ભાવે જોવા જરૂરી છે. જે આપણે દુ:ખ આવે ત્યારેતેનાથી દૂર થવાની કોશિશ કરીશું તો તેમાં સફળતા નહીં મળે. કારણ કે છેટા ઊભી રહેવાની શરૂઆત સુખથી કરવી પડશે. આ લાગણી વજન તુલા જેવી છે. જે પલડામાં વજન વધી જાય તેમાંથી થોડું ઓછું કરીને બીજા પલડામાં નાખવું પડશે. જેથી બંન્ને પલડા સમાન થઈ રહે. દુ:ખની જેમ સતત સુખ પણ થકવી નાખે છે. સુખમાં લગાતાર રહી શકાતું નથી. સુખ અને દુ:ખ બન્નેમાં તણાવ છે. બંનેમાં ઉત્તેજના છે. અચાનક જો આવી પડે તો આઘાત લાગે છે. આફત સર્જાય છે.

સુખ, સમૃધ્ધિ અને સતા હોય ત્યારે માણસ બીજાનું બુરૂ કરે છે. ત્યારે પોતાનું પણ બૂરૂં થઈ જતું હોય છે. સ્વાર્થ, લોભ અને ઈર્ષામાં પોતાનું શું થશે? એ કળી શકતો નથી. જે બીજાને દુ:ખી કરે છે, પીડા આપે છે તેને દુ:ખનો પરિતાપ સહન કરવો પડે છે. આ કુદરતના અસ્તિત્વનો સરળ અને સીધો નિયમ છે. બીજાની તરફ તકાયેલી દરેક વસ્તુ બમણા વેગથી આપણા તરફ પાછી આવે છે. કોઈને દુ:ખી કરીને કોઈ સુખી થઈ શકે નહીં. કાવા દાવા, છળકપટ ઈર્ષા અદેખાઈ આપણને સુખેથી રહેવા દેતી નથી. બહારથી સુખી હોવાનો દેખાવ ભલે થતો પણ અંદર ખાને તે દુ:ખી હોય છે. પીડા, દર્દને દબાવીને જીવતો હોય છે.

દરેકને પોતાને માટે સુખ જોઈએ છે. બીજાને માટે સુખનો ભાવ રાખવો તેને પસંદ નથી. સુખની દોડમાં બીજાને મિટાવીને પણ જો સુખ મળતું હોય તો માણસ તેમ કરવા પણ તૈયાર હોય છે. સ્વાર્થ, લોભ અને લાલચ માણસને ન કરવાનું કરાવે છે. લોભનો થોભ ક્યારે થતો નથી. આમ માણસ પોતાને કારણે દુ:ખની જાળમાં ફસાયેલો રહે છે.


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની કેસ નં.૧૦૩ની અરજીમાં રૂા.૪.૪૦ લાખની ટહેલ




૮૩ વર્ષીય તારાબાઈ ખીમજી લાપસીયા દલતુંગી ભાંડુપ હાલે નેરૂલની હોસ્પિટલમાં આઈસીયુમાં પગમાં ગંભીર દુઃખાવાની તકલીફને લીધે ભરતી છે. તેમને પેરિફેરલ ધમનીની બિમારી છે. જેમાં તાત્કાલિક એન્જીયોપ્લાસ્ટી કરવી જરૂરત છે. જો એમાં મોડું થયું તો પગ વિચ્છેદનની પ્રક્રિયામાં પસાર થવું પડશે. તેઓ તેમની પરણીત પુત્રી સાથે રહે છે. પરિવારમાં તેમના જમાઈ કમાણી કરતા એક માત્ર સભ્ય છે. જેમની ઉપર પરિવારના જીવન નિર્વાહનો ભાર છે. આ ઉંમર કોઈ તેમને કોઈ વીમાનો સપોર્ટ નથી કે નથી કોઈ બચતનો આધાર સારવારનો કુલ્લ અંદાજિત રૂા.૪.૪૦ છે. જેની ટહેલ અરજી તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ મૂકી છે. પરિવારના વિપરીત સમયમાં આપણે સાથ અપેક્ષિત થઈ રહે છે. અગાઉની ૧૦૨ અરજી વહેલાસર અને સુખરૂપ અને સમયસર ક્રાઉડ ફંડિંગ જમા કરી ઉકેલાઈ છે. એજ પ્રકારે આ ટહેલ પર ઉદાર દિલ દાતાઓના સહકારથી સવેળાએ ઉકેલાશે એવો વિશ્વાસ છે.

આ ટહેલનો ઉદાર પ્રતિસાદ એક અજ્ઞાત શુભેચ્છક એ રૂા.૫૧ હજારનો અનુદાન આપીને આપ્યો છે. તેમની આ સપ્રેમ સહાય એક ઉમદા માનવીય અભિગમ દર્શાવે છે. જેની ખરેખર અનુમોદના કરીએ છીએ.

સંજીવની કેસ માટે અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહત પાત્રતા ધરાવે છે. જે માટે દાતાનો આધારકાર્ડ તેમજ પેનકાર્ડની ઝેરોક્સ પ્રત સંલગ્ન કરવી જરૂરી છે.

# શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા

C/o. નલિન રતનશી ડાઘા, ૯૯, વિશ્રામ ટાવર, શ્રી નગર, થાણે પશ્ચિમ ૪૦૦૬૦૪.

તા. ૧૫.૦૪.૨૦૨૩

## નોટીસ

શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયાની પ્રથમ તથા બીજી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૭મી મે ૨૦૨૩ના બપોરે ૩.૦૦ ક. શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ મધ્યે મળશે.

**એજન્ડા**

૧. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના વર્ષના હિસાબોની રજૂઆત અને બહાલી.

૨. મંડળના રજિસ્ટ્રેશન (જુલાઈ ૨૦૨૧)થી અત્યાર સુધીની પ્રવૃત્તિઓનો અહેવાલ.

૩. મંડળના બંધારણમાં નીચે મુજબ પ્રસ્તાવિત સુધારા

કોલમ ૫(૧) : હાલ : કચ્છી દશા ઓસવાલ જૈન ડાઘા ગોત્રીની કોઈ પણ પુખ્ત વયની વ્યક્તિ આ સંસ્થાનું સભ્યપદ મેળવી શકશે.

સુધારો પ્રસ્તાવ : વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજીને નમતા ડાઘા ગોત્રના કોઈ પણ પુખ્ત વયની ક.દ.ઓ.જૈન વ્યક્તિ આ સંસ્થાનું સભ્યપદ મેળવી શકશે.

કોલમ ૫(૨) હાલ : સભ્ય ફી - સભ્ય ફી વાર્ષિક રૂ.૫૧/- રહેશે. તથા ફીઝના પ્રકાર અને ફીઝમાં ફેરફાર સામાન્ય સભામાં થઇ શકશે.

સુધારો પ્રસ્તાવ : સભ્ય ફી આજીવન રૂ.૧૫૧/- રહેશે, જે એક જ વખત ભરવાની રહેશે.

કોલમ ૫(૪) હાલ : જે સભ્યની નિયત કરેલ સભ્ય ફી વધારે સમયથી બાકી રહેશે તે સભ્ય તરીકે આપોઆપ રદ થયેલ ગણાશે.

સુધારો પ્રસ્તાવ : આ કોલમ રદ કરવી.

કોલમ ૯ હાલ : મિટિંગ નો કોરમ ઓછામાં ઓછી ૭ સભ્યોની સંખ્યા રહેશે.

સુધારો પ્રસ્તાવ : ટ્રસ્ટ મંડળની મિટિંગનો કોરમ ૫ સભ્યોની સંખ્યા રહેશે.

૩. ઓડિટરની નિમણૂક

૪. સભાના પ્રમુખની સંમતિથી અન્ય બાબતો.

લી.

**નલિન રતનશી ડાઘા (સેક્રેટરી)**

નોંધઃ

૧. સામાન્ય સભાનું કોરમ ૮૨ સભ્યો છે. જો સભા શરૂ થવાના સમયે કોરમ ન હશે તો સભા અડધા કલાક માટે મુલતવી રહેશે અને અડધા કલાક પછી તે જ સ્થળે મળશે અને તે સમયે કોરમની જરૂરત નહીં રહેશે.

૨. સંસ્થાના બે વર્ષના હિસાબો તપાસવા માટે ખજાનચી દીપક ગંગાજર ડાઘાના ઘરે મુલુંડમાં એક દિવસ ગુરૂવાર, તા.૦૪.૦૫.૨૦૨૩ના સાંજે ૫.૦૦ ક. થી ૮.૦૦ ક. સુધી ખુલ્લાં રહેશે.

૩. કોઇ પણ જાણકારી માટે અથવા કોઇપણ સવાલ હોય તો સંસ્થા ના સરનામે સાત દિવસ અગાઉ લેખીતમાં મોકલાવવુ.

# પ.પૂ.સાધ્વીશ્રી અર્હંયશાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૭૩ની ચૈત્ર વદી ૧૨ તિથિ દિને કચ્છગામ સાંયરાના માવિત્ર માતુશ્રી હિનાબેન રાજેનભાઈ લોડાયાના સગુણા દીકરી ઘાટકોપર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી સંયમ પથ જીવનનું વિચરણ ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી અર્હંશાશ્રીજી મ.સા. તરીકે શરૂ કર્યું.

આજ કાલ કરતાં વિક્રમ સંવ ૨૦૭૯ના ચૈત્ર વદી બારસ તિથિના પૂજ્ય સાહેબએ સંયમ જીવન પથ વિચરણના છ વર્ષ ધર્મ, તપ, ત્યાગ અને આરાધના ભાવ મગ્ન થઈને પૂરા કર્યા અને સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ભાવી સમયમાં પ.પૂ.સાહેબનું જીવન ધર્માનુરાગી થઈને રજત, સુવર્ણ અને શતક વર્ષના શિખરે બિરાજે એવા શુભ ભાવ સાથે શત શત વંદના.

# દેવલાલી નગરે અનંત આરોગ્ય નિધિ સંકુલમાં અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના ભવ્ય ભાવ સાથે થઈ





તા.૧૬ એપ્રિલ રવિવારના રોજ નાસિક નગર પરિસરના અને મહારાષ્ટ્ર રાજ્યના હિલ સ્ટેશન એવા દેવલાલી નગર શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક જૈન સંઘ દ્વારા અનંત આરોગ્ય નિધિ સંકુલમાં અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના રાખવામાં આવેલ હતી. જેમાં અનંત મિત્ર મંડળ ભાંડુપના ભાઈઓએ રાસ ગરબા સાથે રમઝટ જમાવટ કરી સાથે કદઓ નાતનું વિશિષ્ટ નઝરાણું એવા પખવાજની અનેરી મોજ કરાવી ૧૭૫ થી ૨૦૦ જેટલી સંખ્યામાં ઉપસ્થિત સહુ ભાવિકજનોના સંગાથી સાથે ભક્તિ ભાવના અનેરૂ ઉત્સવ સાથે સંપન્ન થઈ હતી. ભક્તિ ભાવનાનો લાભ સૌ.ભારતીબેન હરીશ ડુંગરશી ખોના (જખૌ-દેવલાલી)એ લીધેલ.

# શ્રી અનંતનાથજી જિનાલય ઘાટકોપરની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ





તા.૧૫ એપ્રિલ શનિવાર દિને અનંતછાયા જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ પ્રસંગે લાભાર્થી પરિવાર સાથે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ સંગાથે પખવાજના તાલે વાજતે ગાજતે આર.બી.મહેતા માર્ગ પરથી પસાર થઈને પ્રભુજીને ભવ્યભાવ સાથે પધરાવવામાં આવેલ.

।। श्री कुंथुनाथाय नमः ।।



# आमंत्रण



।। अचलगच्छ शणगार श्री आर्य-जय-कल्याण-गौतम-नीति-दान-नेम-गुण-गुणोदय-कलाप्रभ-कविन्द्र-महोदय सागरसुरिभ्यो नमः।।

भारत खंडे, छत्तीसगढ़ प्रदेशे, रायपुर नगरे, फाफाडीह क्षेत्रे, सन्मति नगरे,
श्री कुंथुनाथ प्रभु जिनालय, श्री सिद्धचक्र, सह देव-देवी,
गुरुमंदिर 22वी ध्वजा महोत्सव प्रसंगे सकल संघ, महाजन,
धर्मप्रेमी को सहपरिवार पधारने भावभरा निमंत्रण

**महोत्सव प्रथम दिवस**
संवत 2079 वैशाख वद-1
05.05.2023 शुक्रवार

**महोत्सव द्वितीय दिवस**
संवत 2079 वैशाख वद-2
06.05.2023 शनिवार

## दिव्य आशीष

भारत दिवाकर, राष्ट्रसंत प.पू.आ.भ.
श्री गुणसागर सूरीश्वरजी महाराजा

तपचक्र चक्रवती अचलगच्छाधिपति प.पू.आ.भ.
श्री गुणोदयसागर सूरीश्वरजी महाराजा

## आज्ञाप्रदाता

साहित्य दिवाकर प.पू.अचलगच्छाधिपति श्री कलाप्रभसागर सूरीश्वरजी महाराजा

## शुभ आशीष

सरल स्वाभावी प.पू.आ.भ. श्री कविन्द्रसागर सूरीश्वरजी महाराजा
आगम अभ्याशी प.पू.आ.भ. श्री महोदयसागर सूरीश्वरजी महाराजा

## शुभ आशीर्वाद प्रदाता

प.पू. खत्तरगच्छाधिपति श्री मद् जिनमणिप्रभ सागर सूरीश्वरजी म.सा.

## पावन निश्रा

छत्तीसगढ रत्न शिरोमणी, महत्तरा पद विभूषिता प.पू. गुरुवर्या श्री मनोहराश्रीजी म.सा.
की विदुषी शिष्या सरलमना प.पू. सुभद्राश्रीजी म.सा. आदि ठाणा

## शुभ स्थल

श्री कुंथुनाथ जिनालय (अचलगच्छ विधिपक्ष) श्री छ.क.द.ओ.जैन ज्ञाति महाजन
प्रभु कुंथुनाथ मार्ग, सन्मति नगर, फाफाडीह, रायपुर (छ.ग.) 492001
फोन : 0771-2882526 E-mail. kdomahajanraipur@gmail.com

## निमंत्रक

**श्री कुंथुनाथ जिनालय (अचलगच्छ विधि पक्ष)**
**श्री छत्तीसगढ़ कच्छी दशा ओसवाल जैन ज्ञाति महाजन, रायपुर (छ.ग.)**

अध्यक्ष : **चंद्रेश वीरचंद छेड़ा (शाह)**
उपाध्यक्ष : **भुपेन्द्र गोविंदजी मोमाया**
सचिव : **किशोर मेघजी मोता**
सह सचिव : **हितेश शरद मोमाया**
कोषाध्यक्ष : **हरीश शीवजी लोडाया**

ट्रस्टी मंडल : श्री खीमजी नेणशी मोता (भाटापारा) श्री भुपेन्द्र उमरशी शाह (धमतरी) श्री मनहर चत्रभुज शाह, श्री कुलीनकांत खेतशी जीवाणी, श्री हरीश जवेरचंद लोडाया

।। श्री कुंथुनाथाय नमः ।।

छत्तीसगढ प्रदेशान्तर्गत रायपुर नगरे सन्मति नगर मध्ये
परमतारक श्री कुंथुनाथ जैन श्वेताम्बर मंदिर की
22वी वर्षगाठ प्रसंगे ध्वजारोहण महोत्सवे

सुज्ञ श्री धर्मप्रेमी परिवार,

सादर जय जिनेन्द्र

आप सभी को सूचित करते हुए हर्ष हो रहा है कि रायपुर सन्मति नगर की धन्यधरा पर परमतारक श्री कुंथुनाथ जिनालय की 22वी वर्षगांठ निमित्ते दो दिवसीय महोत्सव दि. 05.05.2023 शुक्रवार एवं दि. 06.05.2023 शनिवार को आयोजित है। विधिकार श्री राजाभाई नंदु (मुंबई), श्री विमलचंद जी गोलछा, (रायपुर) एवं सौ. शीतलबेन व्यास संगीत पार्टी के मार्गदर्शन में भगवान श्री कुंथुनाथ जैन श्वेताम्बर मंदिर की 22वीं वर्षगांठ पर निम्न कार्यक्रम आयोजित है आप सभी धर्म प्रेमी संग सपरिवार पधारे एवं जिनशासन की शोभा में अभिवृध्दि करें।

## प्रथम दिवस

शुक्रवार, दि. 05.05.2023

### मंगल प्रवेश/भव्य सामैया

सुबह 6.00 बजे से...



प.पू. साध्वीजी भगवंतो
का मंगल प्रवेश

### 18 अभिषेक महोत्सव

सुबह 8.31 बजे से...



### सकल संघ की नवकारसी

सुबह 7.00 बजे से...

(लाभार्थी श्री अशोक कुमार जी, अमित कुमार जी अभिषेक कुमार जी,
जितेन्द्र कुमार जी सुराना परिवार, श्रीनगर, रायपुर)



### स्वामीवात्सल्य

(लाभार्थी संयुक्त श्री शांतिलालजी सुरेंद्रजी पोरवाल परिवार
मातुश्री निर्मलाबेन वीरचंद शाह परिवार)

दोपहर 11.30 बजे से...



### भक्ति संध्या एवं अभिनंदन समारोह

सायं 7.00 बजे से...

अभिनंदन समारोह के मुख्य अतिथि समाजसेवी श्री समस्त KDO महाजन
के ट्रस्टी **श्री तरुण भाई रतनशी लोडाया** (सांयरा) उज्जैन

विशेष अतिथि :

1. श्री विजयभाई दामजीभाई संगोई जी — अध्यक्ष – श्री कच्छी विसा ओसवाल जैन समाज, रायपुर (छ.ग.)
2. श्री मुकेशभाई बाबूलालभाई ढोलकिया जी — अध्यक्ष – श्री वर्धमान स्थानकवासी जैन गुजराती संघ, रायपुर (छ.ग.)
3. श्री दिपकभाई नौतनलाल दोषी जी — अध्यक्ष – श्री सौराष्ट्र दशा श्रीमाणी वणिक मंड़ल, रायपुर (छ.ग.)
4. श्री अल्पेशभाई प्रविणचंद्र दोषी जी — अध्यक्ष – श्री सौराष्ट्र विसा श्रीमाली जैन मित्र मंड़ल, रायपुर (छ.ग.)

**श्री छत्तीसगढ़ कच्छी दशा ओसवाल जैन ज्ञाति महाजन, रायपुर - कार्यकारिणी**

हितेश मोतीचंद शाह, योगेश गोविंदजी मोमाया, दीपक कल्याणजी शाह, मनीष उत्तमचंद शाह, दीपक मेघजी लालका
भाविक शशिकांत शाह, जिनेश गिरीश शाह, नयन सतीश छेडा, अंकित योगेश दंड (भिलाई)

॥ श्री कुंथुनाथाय नमः ॥

# द्वितीय दिवस

शनिवार, दि. 06.05.2023

## सकल संघ की नवकारसी

सुबह 7.00 बजे से...

(लाभार्थी मातुश्री मल्याबाई जवेरचंद छेड़ा परिवार)





## ध्वजा का वरघोड़ा

सुबह 7.30 बजे से...



## श्री सत्तरभेदी पूजा

सुबह 8.30 बजे से...

(लाभार्थी श्री धरमचंदजी लुंकड़ परिवार)



## ध्वजारोहण

सुबह 10.30 बजे से...

## स्वामीवात्सल्य

11.00 बजे से...

(लाभार्थी कायमी ध्वजारोहणकर्ता)



नोट : 1.महोत्सव के दौरान काला वस्त्र एवं चमड़े की वस्तु वर्जित है।
2.आरती, मंगलदीपक, शांतिकलश, सुर्य-चंद्र दर्शन आदि के चढावें अनुष्ठान के समय के होंगे ।

**श्री छत्तीसगढ़ कच्छी दशा ओसवाल जैन युवा मंडल रायपुर**

अध्यक्ष - विरल राजेश लोडाया, उपाध्यक्ष - सौ. दीपा नयन छेड़ा

सचिव - करण दीपक नागड़ा, सहसचिव 1 - सौ. पूजा हितेश मोमाया, सहसचिव 2 - संभव चंद्रेश छेड़ा, कोषाध्यक्ष - रौनक विजय लोडाया

कार्यकारिणी :- 1 सौ. धारा जीगर खोना, 2 राज प्रवीण लोडाया, 3 सौ. शीतल अनिल लोडाया, 4 कु. किरण कीर्ति पोलडिया, 5 रजत प्रवीण मोमाया, 6 ऋषभ दीपक लालका, 7 हर्षिता चंद्रेश छेड़ा, 8 जय हरीश लोडाया, 9 कृष्णा दीपेश लालका

सलाहकार समिति :- 1 श्री नितेश उमरशी मैशेरी, 2 श्री नयन सतीश छेड़ा, 3 श्रीमती वीणा सचिन मोमाया, 4 श्री धवल महेंद्र लोडाया

॥ श्री कुंथुनाथाय नमः ॥

## ध्वजा महोत्सव के रजत स्तंभ

1- मातुश्री लक्ष्मीबाई माणेकजी मैशेरी परिवार श्री प्रवीण भाई
2- श्रीमती ललिता देवी श्रीश्रीमाल की स्मृति में हस्ते श्री स्वरुप चंद जी शैलेंद्र कुमार जी श्रीश्रीमाल परिवार
3- मातुश्री भानुमतिबेन भवानजी भाई वोरा परिवार
4- मातुश्री गंगाबाई डुंगरशी मोमाया परिवार
5- मातुश्री विजयाबेन उत्तमचंद शाह परिवार
6- मातुश्री नवलबेन मेघजी लालका परिवार
7- मातुश्री हंसा बेन भरत नागड़ा परिवार
8- मातुश्री हेमलता बेन शशिकांत शाह परिवार
9- सौ. जयश्री बेन सुर्यकांत मैशेरी परिवार
10-श्री धरमचंदजी लुंकड़ परिवार
11-सौ. मंजुलाबेन कुलीनकान्त जैन परिवार
12-मातुश्री जेतबाई गोविंदजी मोमाया परिवार
13-मातुश्री मायाबेन रत्तीलाल महेता परिवार
14-मातुश्री रंजनाबेन अशोकभाई शाह परिवार
15-स्व सौ पुष्पाबाई मोतीचंद शाह परिवार
16-श्री ललित जी चोरडिय़ा परिवार
17-मातुश्री चंपाबाई उमरशी शाह परिवार धमतरी, बेंगलुरु
18-मातुश्री प्रेमिलाबाई पदमशी दंड परिवार, भिलाई
19-मातुश्री भीमलताबाई पानाचंद लोडाया परिवार
20-मातुश्री मुरबाई जवेरचंद लोडाया परिवार
21-मातुश्री डेकाबाई नेणशी मोता परिवार, भाटापारा
22- डॉ. महेश हीरजी शाह परिवार
23-मातुश्री विजयाबेन रतिलाल लोडाया परिवार, नासिक-बांढ़िया
24-मातुश्री पुष्पाबेन हरखचंद सेठिया परिवार

## महोत्सव के आकर्षण

1. जिनालय की भव्य सजावट
2. मुंबई के प्रसिध्द ढोल / शहनाई
3. प्रभु जी की भव्य अंग रचना
4. भव्य रंगोली 5. भव्य गहुली
6. श्री शंखेश्वर पार्श्वनाथ प्रभु एवं श्री सुपार्श्वनाथ प्रभु को स्वर्ण, हीरा जड़ित तिलक लाभार्थी परिवार द्वारा अर्पण
7. जीवदया का कार्य 8. अनुकंपा दान

मूलनायक प्रभु जी को प्रतिदिन आंगी का नकरा 250/- है, कृपया अपना नाम तिथि/दिनांक कार्यालय में नोट करा देवें जी

### क्षमा वीरस्य भूषणम्...

आमंत्रण पत्रिका में सावधानी के बावजूद यदि कोई त्रुटि रह गई हो तो हम सहृदय क्षमा प्रार्थी है।

### : कायमी ध्वजारोहणकर्ता एवं साधर्मिक वात्सल्य के सहयोगी लाभार्थी :

श्री अचलगच्छ गुरूमंदिर
मातुश्री हीरबाई मेघजी मोमाया परिवार
हस्ते-सौ. लताबेन मणीकांत मोमाया
वराडीया, हैदराबाद

जिन मंदिर
मातुश्री नेणबाई केशवजी तेजपाल
शाह परिवार
जखौ, रायपुर (छ.ग.)

श्री विजयशांतिसूरीजी गुरूमंदिर
श्रीमति सूरजदेवी सोनराजजी कोचर
चेरिटेबल ट्रस्ट ज्वेलर्स सोनिया सन्स,
सदर बाजार, रायपुर (छ.ग.)

Account Name : Shri Chhattisgarh Kutchhi Dasha Oswal Jain Gyati Mahajan Raipur (C.G.)
Bank Name : Union Bank Of India, Main Branch, Raipur
Account No.: 327002010045046 IFSC Code : UBIN0532703

**श्री कुंथुनाथ महिला मंडल रायपुर**
अध्यक्ष : सौ. कल्पना चेतक शाह, उपाध्यक्ष : सौ. हेमल मनीष शाह, सचिव : सौ. डिम्पल जयेश नागड़ा
सहसचिव : सौ. दीपा दीपक लालका, कोषाध्यक्ष : सौ. भव्या अमित जीवाणी
संरक्षक सदस्य : मातुश्री विजयाबेन उत्तमचंद लोडाया, सौ मंजुलाबेन कुलीनकान्त जीवाणी, सौ. प्रभाबेन गिरीश शाह सौ. प्रीतिबेन प्रवीण मैशेरी

## ૮ વર્ષીય ધર્મિક ખુશ્બૂ સમીર ધરમશી બ્લાઈન્ડ ફોલ્ડ ક્યુબ સોલ્વ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા



જસાપર હાલે મુલુંડનો આઠ વર્ષીય ધર્મિક ખુશ્બૂ સમીર ધરમશી સાલ એલમન્ડ બ્રેઈન એક્ટિવીટી ઈન્સ્ટિટ્યૂટમાં ટ્રેનિંગ લે છે. તે આંખો ઉપર પાટા બાંધીને પુસ્તકો વાંચવામાં રૂબિક ક્યુબનું સોલ્યુશન કરવા તેમજ વિવિધ રંગોની ઓળખ કરવામાં સક્ષમતા ધરાવે છે.

હાલમાં એલમન્ડ બ્રેઈન એક્ટિવીટી ઈન્સ્ટિટ્યૂટના ફંકશનમાં તેણે ૧૦૦ લોકોની સમક્ષ બ્લાઈન્ડ ફોલ્ડ ક્યુબ સોલ્વ કર્યા અને ૧૪ સેકન્ડમાં ૨×૨ D પિરામિન્કસ ક્યુબ સોલ્વ કરેલ છે. તે મુલુંડની પ્રતિષ્ઠિત સ્કૂલ શેઠ કરમશી કાનજી ઈંગ્લિશ સ્કૂલ ૩જા ધોરણનો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને આ વર્ષે સ્કૂલનો સ્ટુડન્ટ ઓફ ધ યર જીત્યો છે. નાની વયમાં પ્રતિભાના બળે સિધ્ધિ અને સફળતા મેળવેલ જિનિયસ બાળક ધર્મિક ધરમશી હજી આગળ વધી પરિવાર તેમજ જ્ઞાતિનું નામ અને ગૌરવ વધારે એ શુભેચ્છા.

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ ખાતે સૌજન્ય કોલ





ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે માંડવી કચ્છ ગુજરાત નવસારીથી  અશોકભાઈ, માધાપર ભુજ કચ્છથી હિતેશભાઈ જૈન અને માધાપર ભુજ કચ્છથી વિષ્ણુભાઈ સહિત ભાજપના કાર્યકર્તા જેમણે દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ ખાતે સૌજન્ય કોલ કર્યો હતો. માતુશ્રી ઝવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છી ભવન કર્ણાટક ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી દરમિયાન બેંગ્લોરમાં સમિતિના સતિષ શાહ, કિર્તીભાઈ ધરમશી, મિતેષ લોડાયા તેમજ સભ્યો દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રી જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના પ્રમુખપદે જયંતિલાલ મૈશેરીની વરણી





જખૌ હાલે મુલુંડના જયંતિલાલ દેવશી મૈશેરીની શ્રી જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના વર્ષ ૨૦૨૩-૨૪ની ટર્મ માટે પ્રમુખ પદે વરણી થઈ છે. તા.૧૮ એપ્રિલ મંગળવાર કવિ કાલિદાસ ઓડિટોરિયમ મુલુંડમાં જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજિત નવ વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ કાર્યક્રમ નાઈટ વિથ દેવાનંદમાં તેમનું તથા અન્ય પદાધિકારીઓનું સન્માન કરાયું હતું.

શ્રી જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ છેલ્લા ૪૧ વર્ષથી કાર્યરત છે. જે સભ્યો માટે દર વર્ષે વિવિધ મનોરંજક પ્રોગ્રામનું આયોજન કરે છે. જેના સભ્ય પદ થવા માટે સંપર્ક ૯૮૧૯૭૪૮૨૫૦ કરવો.

શ્રી જયંતિલાલ મૈશેરી શ્રી જખૌ કચ્છી દશા ઓસવાલ મહાજનના સેક્રેટરી પદે છે.

# પ.પૂ.સાધ્વીશ્રી વિરલકિરણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના અઢારમાં વર્ષમાં પુનિત પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૬૨ની વૈશાખ સુદી ૩ તિથિ દિને કચ્છ સાંધાણના માવિત્ર કલ્પનાબેન પ્રતાપભાઈ કુંવરજી ધરમશીના લાડકવાયી દીકરી આત્મકલ્યાણના મોક્ષ માર્ગે જવાના દૃઢ સંકલ્પ સાથે માટુંગા નગરમાં પ.પૂ.મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ.સાધ્વી શ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા થયા.

પૂજ્ય સાહેબ વિક્રમ સંવત ૨૦૭૯ અક્ષય તૃતીયા વૈશાખ સુદ ત્રીજ તિથિ દિને સંયમ જીવન પથ વિચરણના સતર વર્ષ પરીપૂર્ણ કરી ધર્મ, આરાધના, તપન ભાવ અવિરત રાખવા સાથે અદ્ભૂત અઢારમા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે સૌ ભક્તોની હૈયાની લાગણી ઈચ્છે છે કે સાહેબજીનું આગામી જીવન માનવ જીવ કલ્યાણ કરતાં રજત, સુવર્ણ અને શતકના અવલ આંકડે પહોંચે એવી પાવન અને મંગલકામના સાથે વંદના, અભિવંદના.

## શ્રી ક.દ.ઓ. જીવીસી જૈન સંઘમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ પ્રસંગે ધર્મ આરાધનાઓ થઈ







તા.૧૬ એપ્રિલ રવિવારના રોજે શ્રી કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર વિદ્યાવિહાર ચેમ્બુર જૈન સંઘ ઘાટકોપરને આંગણે ભવ્ય સ્નાત્ર મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ પ.પૂ.સાધ્વીશ્રી સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં વિધિકાર નિખીલ હરિયા બાડાના સંગાથે કરાઈ.




| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ઈન્દિરાબેન લોડાયા**
તા.૧૬ એપ્રિલ (ઉ.૮૪)
રાપર–અહમદનગર



**ગિરીશ ધરમશી**
તા.૧૮ એપ્રિલ (ઉ.૫૯)
નલિયા–વિદ્યાવિહાર



**શરદચંદ્ર કુરૂવા**
તા.૧૯ એપ્રિલ (ઉ.૭૭)
ગોધરા–ડોંબિવલી (પૂ)



**પ્રભાબેન ધરમશી**
તા.૧૯ એપ્રિલ (ઉ.૭૨)
છાદુરા–હુબલી



**સરલા નાગડા**
તા.૨૦ એપ્રિલ (ઉ.૭૫)
નલિયા–વડાલા



**સગુણા લોડાયા**
તા.૨૧ એપ્રિલ (ઉ.૬૭)
ખાવડી મોટી-ડોંબિવલી (પ)





**વિજયાબાઈ લોડાયા**
તા.૨૧ એપ્રિલ (ઉ.૮૩)
તેરા–તેરા



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● હઠયોગનું અંગ ગણાતા ત્રાટકનો આંતરિક ચેતના જગાવવા બાર મહિનામાં એક જ વાર પ્રયોગ થતો હોવાથી ભુજના ઉમા યોગ કેન્દ્રમાં સાધકો ઊમટ્યા હતા. જ્યુબિલી સર્કસ પાસેની બેન્કર્સ કોલોનીના યોગ કેન્દ્ર હોલમાં કેન્દ્રના સંચાલક કમલકાંતભાઈ ભટ્ટ યોગ ટીચર ભાવનાબેન ઝવેરી દ્વારા ત્રાટકનો પ્રયોગ કરાવાયો હતો. સાધકોની સમક્ષ ૧-૧ મીણબત્તી પ્રગટાવવાની સૂચના આપીને આ પ્રયોગ કરાવાયો હતો. આ પ્રયોગથી નાડીઓની સ્થિરતામાં વૃધ્ધિ અને અનિદ્રાનું નિવારણ થાય છે. અશાંત મન તણાવ રહિત રહે છે. એકાગ્રતા વધે છે. આધ્યાત્મિક શક્તિનો વિકાસ થાય છે. થોડે ઘણે અંશે દૃષ્ટિદોષ પણ દૂર કરી શકાય છે. નિઃશુલ્ક યોગ વર્ગમાં બહેનો, ભાઈઓ, વડીલો, બાળકો જોડાય છે. દરેક ઋતુને અનુરૂપ વિવિધ પ્રાણાયામ, યોગનિદ્રા, હાસ્ય, એરોબિક્સ, પ્રોપ્સ એકસરસાઈઝ, ચેર સૂર્ય નમસ્કાર, ધ્યાન વગેરે કરાવાય છે.

● ગાંધીધામ શહેરની સ્થાપનાનો આરંભ જેની પાયાવિધિ સાથે થયો તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આદિપુર ખાતે આવેલી સમાધિને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની વર્ષો જૂની માગણીના અનુસંધાને ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસન સ્થળોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે તેવા આયોજન સાથે વિવિધ મોકાના ૧૯ જેટલા સ્થળોએ બોર્ડ મૂકી પ્રચાર પ્રસાર આરંભાયો છે. ગાંધી સમાધિના અંદરના ભાગમાં ઉદ્યાન સહિતના પ્રકલ્પોને આગળ ધપાવવા માટે એસ.આર.સી.દ્વારા ગતિવિધિ હાથ ધરી હોવાના અહેવાલ સાંપડ્યા છે. વખતોવખત વિવિધ સ્તરે રજૂઆત કરાતા અંતે ગાંધી સમાધિનો પ્રવાસન ધામમાં સમાવિષ્ટ થતાં નાગરિકોમાં આનંદની લાગણી પ્રસરી છે.

● સરહદી જિલ્લા વિસ્તારમાં વસતા નાગરિકોમાં ભારતીય વાયુસેનાની સૈન્ય ક્ષમતા વિશે જાગૃતતા લાવવા માટે કચ્છના વિદ્યાર્થીઓ યુવાનાને તેમની કારકિર્દી ભારતીય વાયુદળને પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે બે દિવસીય નો યોર એરફોર્સ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. વાયુદળના એરક્રાફ્ટ અને અન્ય શસ્ત્રપ્રણાલિનું સ્થાયી પ્રદર્શન યોજાયું હતું. જગુઆર એરક્રાફ્ટ દ્વારા આકર્ષક એરોબેટિક પ્રદર્શન પણ નિહાળી વિદ્યાર્થીઓ રોમાંચિત થયા હતા.

● વૈશ્વિક ધરોહર જાહેર થયેલા કચ્છના હડપ્પન નગર ધોળાવીરા જ્યાં આવેલું છે તે ખડીરબેટના રખાલ વિસ્તારને જીયો પાર્ક બનાવવા જાણકારોમાં લાગણી ઉઠી છે. આ રખાલનો વ્યાપ ૩૫ કિલોમીટર જેટલો છે અને એટલે તે એશિયાનો સૌથી મોટો જીયો પાર્ક બની શકે છે. ખડીરબેટનો રખાલ વિસ્તાર જીયો પાર્ક જાહેર કરી શકાય તેવી તમામ તાકાત ધરાવે છે અને તે પાંચ કિલો મીટરમાં પ્રસરેલા એમ.પી.રાજ્યના જબલપુરના જીયો પાર્ક કરતાં સાત ઘણો મોટો થાય. ખડીર બેટમાં વુડ ફોસીલ એમોનાઈટ, દરિયાઈ શંખો, પથ્થર થઈ ગયેલા છીપલા વિગેરે ફોસીલ ઢગલા બંધ જોવા મળે છે. પથ્થરોમાં અંકિત થયેલા આવા ફોસીલના રીતસર ડુંગર ખડકાયેલા છે.

● ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં આસ્ટ્રિલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ જુનિયર ચેમ્પિયનશિપમાં સમગ્ર દેશવતી એક માત્ર ખેલાડી તરીકે ભુજના અને હાલે અમદાવાદ રહેતા ૨૮ વર્ષીય ખેલાડી આર્યન પ્રશાંત શાહે મેદાનમાં ઉતરીને કચ્છને ગૌરવ અપાવ્યું. ભારતમાં રાષ્ટ્રીય સ્તરે સુવર્ણચંદ્રક જીતી ચૂકેલા આ પ્રતિભાશાળી ખેલાડીને હાર ખમવી પડી હતી. પરંતુ આર્યન મેચ હાર્યો પણ હિંમત નહીં. એમ બમણાં જોશ અને જીતવા જોશ સાથે ફ્રાન્સમાં ફ્રેન્ચ ઓપન અને લંડનમાં વિમ્બલડનના આગામી ગ્રાન્ડ સ્લેમ સંગ્રામ રમવાની તૈયારીમાં લાગી ગયો છે. પૂણેમાં રમાયેલી ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન (આઈટીએફ) લોન ટેનિસ ટુર્નામેન્ટમાં જુનિયર સિંગલ્સમાં રનરઅપ થયો હતો.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)